# કલોલની બહેનો માટે પ્રિ-એડમીશન કાઉન્સેલિંગ સેમીનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમ માટે કલોલની આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સેન્ટરના વિદ્યાર્થીઓની પરિચય બેઠક યોજાઈ ગઈ. આ સેમીનારમાં યુનિવર્સિટીના રીજન હેડ ડૉ. ચેતના શાહએ પ્રિ-એડમીશન કાઉન્સેલિંગ કર્યું હતું. જેમાં ત્યાંની બહેનોને કામની સાથે સાથે ભણતર વિશેનો લાભ વિશે માહિતી આપી હતી. અને યુનિવર્સિટીના તમામ નીતિ – નિયમોથી પરિચિત કરાવ્યા હતાં. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કે.સી. દેશમુખે તમામ બહેનોને આ લાભ વિશે વિસ્તૃતમાં સમજાવ્યું હતું.



## કલોલમાં બહેનો માટે આંબેડકર યુનિ.નો પ્રિ. એડમિશન કાઉન્સેલિંગ સેમિનાર યોજાયો

કલોલ : અરવિંદમીલમાં નોકરી કરતી અનુ.જનજાતિની બહેનો માટે બેટી પઢાઓ સૂત્રને સાર્થક કરવા આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પ્રિ.એડમિશન કાઉન્સેલિગ સેમિનાર ખાત્રજ ખાતે યોજાઈ ગયો. જેમાં કલોલની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ચાલતા ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.સેન્ટરના કો.ઓર્ડીનેટર ડો.એચ.કે.સોલંકીએ યુનિ.ના બીપીપી, બીએ, બીકોમ, એમએ, સીએફ એન, સીસીસીડી, સીસીસી વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ, પરીક્ષા અને તેની ઉપયોગીતા વિશે વિસ્તૃત માહિતી આપીને દૂર દૂર ગોધરા, દાહોદ, અને પંચમહાલથી અરવિંદ મિલમાં નોકરી અર્થે આવેલી ૩૫૦ બહેનોને નોકરી કરતા કરતા આ યુનિ.માં પ્રવેશ લઈને વધુ અભ્યાસની તક ઝડપી લેવા આહવાન કર્યુ હતું. વળી આંગણ વાડી, માટે ફૂડ એન્ડ ન્યુટ્રેશન અને ચાઈલ્ડ કેર ડેવલપમેન્ટ જેવા સર્ટિફિકેટ કોર્ષ ની પણ માહિતી આપી હતી. પ્રવેશ મેળવનારને તમામ અભ્યાસ સામગ્રી વિના મૂલ્યે યુનિ. તરફથી આપવામાં આવશે. ઓપનર યુનિ.દ્રારા પ્રવેશ અને પરીક્ષા દર છ મહિને જુન જુલાઈ અને ડિસ્મ્બર જાન્યુઆરી સત્રમાં લેવામાં આવશે. એમ ભાર પુર્વક ડો.સોલંકીએ જણાવ્યું હતું. આ પ્રસંગેહોસ્ટેલ વોર્ડન ચંદ્રકલાબેને પણ હાજર રહી બહેનોને પ્રોત્સાહિત કરી હતી.



## કલોલ કોલેજમાં આંબેડકર ઓપન યુનિ.ની પરિચય બેઠક

**કલોલ ભાસ્કર |** કલોલની આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજમાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. સેન્ટરના વિદ્યાર્થીઓની પરિચય બેઠક યોજાઈ ગઈ. ઓપન યુનિવર્સીટીમાંથી રિઝન હેડ ડૉ. ચેતનાબેન શાહે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કે સી દેશમુખે તેનો લાભ લેવા જણાવ્યું હતું.



**કલોલ ભાસ્કર |** કલોલની આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજમાં ચાલતા ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્વસિટી સેન્ટરના વિદ્યાર્થીઓની પરિચય બેઠક કોલેજમાં યોજાઈ હતી. જેમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાંથી રિઝન હેડ ડૉ.ચેતનાબેન શાહ હાજર રહી વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. કોલેજના પ્રિ.ડો.કે.સી.દેશમુખે ઓપન યુનિવર્સિટીનો લાભ લેવા જણાવ્યું હતું. સેન્ટરના કો-ઓર્ડીનેટર ડો.એચ. કે.સોલંકીએ વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી આપી તેની વિસ્તૃત સમજ આપી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહીને પુસ્તકો,આઈ કાર્ડ વગેરે મેળવી લીધા હતા. જેમાં નવા પ્રવેશ તારીખ 20મી, જૂનથી શરૂ થશે.



## મીલની બહેનો માટે આંબેડકર યુનિ.નો પ્રિ.એડમિશન કાઉન્સેલીંગ સેમિનાર યોજાયો

કલોલ,સોમવાર

અરવિંદમીલમાં નોકરી કરતી અનુ.જનજાતિની બહેનો માટે બેટી પઢાઓ સુત્રને સાર્થક કરવા આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પ્રિ.એડમિશન કાઉન્સેલિંગ સેમિનાર ખાત્રજ ખાતે યોજાઇ ગયો. જેમાં કલોલની આર્ટ્સ એન્ડ સાન્ય કોલેજમાં ચાલતા ડો.બાબા સાહેબ ઓપન યુનિવર્સિટી સેન્ટરના કોઓર્ડીનેટર ડો.એચ.કે.સોલંકીએ યુનિ.ના બીપીપી, બી.એ.,. બી.કોમ,. એમ.એ., સીએફએન, સીસીસીડી, સીસીસી વેગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ, પરીક્ષા અને તેની ઉપયોગીતા વિશે વિસ્તૃત માહિતી આપીને દૂર દૂર ગોધરા, દાહોદ અને પંચમહાલથી અરવિંદ મિલમાં નોકરી અર્થએ આવેલી અભ્યાસથી વંચિત રહી ગયેલી ૩૫૦ બહેનોને નોકરી કરતાં કરતાં આ યુનિ.માં પ્રવેશ લઇને વધુ અભ્યાસની તદ ઝડપી લેવા આહવાન કર્યું હતું. વળી આંગણવાડી માટે ફૂડ એન્ડ ન્યુટ્રેશન અને ચાઇલ્ડ કેર ડેવલપમેન્ટ જેવા સર્ટિફિકેટ કોર્ષની પણ માહિતી આપી હતી. પ્રવેશ મેળવનારને તમામ અભ્યાસ સામગ્રી વિનામૂલ્યે યુનિ. તરફથી આપવામાં આવશે. ઓપન યુનિ. દ્વારા પ્રવેશ અને પરીક્ષા દર છ મહિને જૂન જુલાઇ અને ડિસેમ્બર જાન્યુઆરી સત્રમાં લેવામાં આવશે. ઉપરાંત અનામત કક્ષાના ઉમેદવારોને સરકાર તરપથી નિયમોનુસાર સ્કોલરશીપ પણ આપવામાં આવશે એમ ડો.સોલંકીએ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે અરવિંદ મિલના સાથ સહકારથી હોસ્ટેલમાં રહેતી બહેનોને રવિવારની રજાના દિવસે ડો.એચ.કે.સોલંકી રૂબરૂ આવીને અભ્યાસ, પરીક્ષા અને પ્રવેશ અંગેનું માર્ગદર્શન પુરું પાડી દર વર્ષે આવી દીકરીઓને વધુ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરી સેવાનું ઉમદાકાર્ય કરે છે. તે બદલ હોસ્ટેલ વોર્ડન ચંદ્રકલાબેને તેમની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો.